આતંકવાદી હુમલાને લઈ તંત્ર એલર્ટ

સમુદ્રથી ઘેરાયેલા દ્વારકા મંદિરની સુરક્ષા વધારાઈ

(એજન્સી) દ્વારકા,
આતંકવાદી સંગઠન અલકાયદાએ દેશમાં હુમલાની ધમકી આપ્યા બાદ ગુજરાતભરમાં એલર્ટ અપાયું છે. ત્યારે દ્વારકા મંદિરની સુરક્ષામાં વધારો કરાયો છે. હાઈ અલર્ટને પગલે દ્વારકા મંદિરમાં થ્રી લેયર સુરક્ષા રાખવાનો નિર્ણય કરાયો છે. હાલમાં દ્વારકા જિલ્લાની તમામ ચેકપોસ્ટ પર વાહનોનું ચેકિંગ કરાઈ રહ્યું છે. ભીડભાડવાળા વિસ્તારોમાં પોલીસ બાજ નજર રાખી રહી છે. દ્વારકા મંદિરમાં ઝઝફ થી પણ વોચ રાખવામાં આવી રહી છે. સમગ્ર રાજ્યમાં આતંકવાદી હુમલાના ઈનપુટના પગલે સુરક્ષા હાઈ એલર્ટ પર છે,ત્યારે જગત મંદિર દ્વારકાધીશ ખાતે થ્રી લેયર સુરક્ષા કરાઈ. આંતક વાદી સંગઠન અલકાયદા દ્વારા ગુજરાતમાં હુમલાની ધમકીના પગલે સમગ્ર ગુજરાત હાઈ એલર્ટ પર છે. ત્યારે દ્વારકા ખાતે આવેલ દ્વારકાધીશ જગત મંદિરની સુરક્ષામાં પણ વધારો કરાયો છે.

દ્વારકા જિલ્લો કે જે ૩ તરફથી સમુદ્ર સાથે ઘેરાયેલો હોઈ તે સુરક્ષાની દ્રષ્ટિએ અતિ મહત્વપૂર્ણ ગણાય છે. અહી જગ વિખ્યાત દ્વારકાધીશ મંદિર આવેલું છે. જ્યાં દરરોજ હજારોની સંખ્યામાં યાત્રાળુ સમગ્ર દેશમાંથી આવતા હોય છે. ત્યારે સુરક્ષાની દ્રષ્ટિએ આ જિલ્લો ખુબ જ મહત્વ પૂર્ણ ગણવામાં આવે છે. હાલ આતંકવાદી હુમલાની દેહશતના પગલે દ્વારકા જિલ્લાના તમામ ચેકપોસ્ટ પર પોલીસ દ્વારા તમામ એન્ટ્રી કરતા વાહનોનું ચેકીંગ કરવામાં આવી રહ્યું છે. તો દ્વારકાધીશ મંદિર, ગોમતીઘાટ, સુદામાસેતુ, રેલ્વે સ્ટેશન, બસ સ્ટેશન પર તેમજ શહેરના ભીડભાડવાળી જગ્યામાં પોલીસ દ્વારા ખાસ નજર રખાઈ રહી છે. જગત મંદિર દ્વારકા ખાતે પણ સુરક્ષામાં વધારો કરી દેવાયો છે. અહીં આવતા તમામ લોકોને ચેકીંગ કર્યા બાદ જ મંદિર પરિસરમાં પ્રવેશ આપવામાં આવી રહ્યો છે.

આર. પ્રજ્ઞાનંદે નોર્વે ચેસ ઓપન ટાઈટલ જીતી લીધું

નવી દિલ્હી,
ભારતના યુવા ગ્રાન્ડ માસ્ટર આર. પ્રજ્ઞાનંદનું શાનદાર પ્રદર્શન ચાલુ છે. ૧૬ વર્ષીય યુવા ગ્રાન્ડ માસ્ટર માટે અત્યાર સુધીનું આ વર્ષ ખૂબ જ શાનદાર રહ્યું છે. પ્રજ્ઞાનંદે શાનદાર પ્રદર્શન સાથે નોર્વે ચેસ ગ્રુપ-એ ઓપન ટુર્નામેન્ટની ૯ તબક્કાની સ્પર્ધામાં ૭.૫ પોઈન્ટ સાથે વિજય મેળવ્યો છે. તે સમગ્ર ટુર્નામેન્ટ દરમિયાન અજેય રહ્યા હતો અને શુક્રવારે મોડી રાતે સાથી ભારતીય આંતરરાષ્ટ્રીય માસ્ટર (આઈએમ) વી પ્રણીત પર વિજય સાથે ટુર્નામેન્ટનું સમાપન કર્યું હતું.

પ્રજ્ઞાનંદ (ઈએલઓ ૨૬૪૨) બીજા સ્થાન પરના આઈએમ માર્સેલ એફ્રોઈમ્સ્કી (ઈઝરાયેલ) અને આઈએમ જંગ મિન સેઓ (સ્વીડન)થી એક પોઈન્ટ આગળ રહ્યા. પ્રણીત ૬ પોઈન્ટ સાથે સંયુક્તરૂપે ત્રીજા સ્થાને હતા પરંતુ ઓછા ટાઈ-બ્રેક સ્કોરના કારણે છેલ્લા ટેબલ દરમિયાન છઠ્ઠા સ્થાને પહોંચી ગયા હતા.

પ્રજ્ઞાનંદે પ્રણીત ઉપરાંત વિક્ટર મિખલેવ્સ્કી (૮મા લેવલ), વિટાલી કુનિન (છઠ્ઠા ટેબલ), મુખમદજોખિદ સુયારોવ (ચોથા તબક્કા), સેમેન મુતુસોવ (બીજા લેવલ) અને માથિયાસ ઉનનેલેન્ડને (પહેલા તબક્કા)પરાજય આપ્યો હતો. જ્યારે અન્ય ૩ મુકાબલામાં ડ્રો થયો હતો. નોર્વે ચેસ ટુર્નામેન્ટના આઠમા રાઉન્ડમાં ભારતના દિગ્ગજ ચેસ ખેલાડી વિશ્વનાથન આનંદનો અઝરબૈજાનના મામેડયારોવ સામે પરાજય થયો હતો.

ગોંડલમાં તરુણી માતા બની

પોલીસે નરાધમની ધરપકડ કરી

(એજન્સી) રાજકોટ,
રાજકોટ જિલ્લાના ગોંડલમાં ચકચાર મચાવતો બનાવ સામે આવ્યો છે. જેમાં એક ૧૫ વર્ષની તરુણી માતા બની છે. તરુણીએ બાળકને જન્મ આપતા તેણી પર દુષ્કર્મ થયાનો ખુલાસો થયો છે. આ બનાવ સમગ્ર જિલ્લામાં ચર્ચાનો વિષય બન્યો છે. તરુણીએ ગોંડલ શહેરની સિવિલ હૉસ્પિટલમાં બાળકને જન્મ આપ્યા બાદ પોલીસને જાણ કરવામાં આવી હતી. પોલીસ તપાસમાં જે વિગતો સામે આવી છે તેને સાંભળીને પરિવારના પગ તળેથી જમીન સરકી ગઈ હતી. મળતી માહિતી પ્રમાણે ગોંડલ સિવિલ હૉસ્પિટલમાં ફક્ત ૧૫ વર્ષની તરુણીએ બાળકીને જન્મ આપ્યો છે. પોલીસ તપાસ દરમિયાન તરુણીના મોટાબાપુ (પિતાના મોટાભાઈ)એ મધ્યપ્રદેશ ખાતે તરુણી પર દુષ્કર્મ આચર્યાનો ખુલાસો થયો છે. આ કેસમાં ફરિયાદ બાદ મધ્ય પ્રદેશ પોલીસે આરોપીને જેલના સળિયા પાછળ ધકેલી દીધો છે. એવી પણ માહિતી મળી છે કે સગીરા મૂળ મધ્ય પ્રદેશની વતની છે.

સગીરા બે દિવસ પહેલા જ ગોંડલ તાલુકાના હડમતાળા ગામ ખાતે મજૂરી માટે આવી હતી. આ દરમિયાન દુઃખાવો ઉપડતા તેણીને હૉસ્પિટલ ખસેડવામાં આવી હતી. પૂછપરછ દરમિયાન એવી વિગતો ખુલી છે કે તરુણી પર તેના પિતાના મોટાભાઈએ જ મધ્ય પ્રદેશમાં દુષ્કર્મ આચર્યું હતું. એવી વિગત સામે આવી છે કે તરુણી મધ્ય પ્રદેશના અલીરાજપુરમાં પોતાના દાદ-દાદી સાથે રહેતી હતી. તેની બાજુમાં તેના મોટાબાપુ એટલે કે પિતાના મોટાભાઈ રહેતા હતા. એક દિવસ તરુણીના મોટાબાપુએ તેણીને જમવાની લાલચ આપીને ઘરમાં બોલાવી હતી. બાદમાં તેણે પોતાની હવસ સંતોષી હતી. આ બનાવ બાદ તરુણી એટલી ડરી ગઈ હતી કે કોઈને વાત પણ કરી શકી ન હતી. આ કેસની અન્ય ચોંકાવનારી વિગતો એવી છે કે પીડિત સગીરાના પિતાનું સાત વર્ષ પહેલા અવસાન થયું છે. જે બાદમાં તેની માતાએ બીજા પુરુષ સાથે લગ્ન કરી લીધા હતા અને ભાગી ગઈ હતી. તરુણી અને તેનો ભાઈ તેના દાદા-દાદી સાથે રહેતા હતા. દરમિયાન પિતાના મોટાભાઈએ દુષ્કર્મ આચરતા તરુણી પ્રેગનેન્ટ થઈ હતી. આ અંગેની ફરિયાદ બાદ પોલીસે તરુણીના મોટાબાપુની ધરપકડ કરીને તેને જેલના સળિયા પાછળ ધકેલી દીધો હતો. એવી પણ વિગતો સામે આવી છે કે તરુણી હડમતાળા ગામ ખાતે રહેતા તેના કાકા-કાકી પાસે આવી હતી. તરુણીના કાકા અને કાકી હડમતાળા ગામ ખાતે મજૂરી કામ કરે છે. તરુણીએ એક બાળકીને જન્મ આપ્યો હોવાથી હાલ તેના કાકા-કાકી નવજાત અને તરુણી બંનેની સારસંભાળ લઈ રહ્યા છે.

ગુજરાતી શાહ દંપતીની હત્યા, 3 શખ્સોની ધરપકડ

(એજન્સી) કોલકાતા,
ભવાનીપુરમાં ગુજરાતી દંપતી અશોક શાહ અને રશ્મિતા શાહની હત્યા કેસમાં કોલકાતા પોલીસએ ૭૨ કલાકની અંદર જ રહસ્ય પરથી પડદો ઊંચકી લીધો છે. આ કેસમાં ૩ આરોપીઓની ધરપકડ કરવામાં આવી છે. એક લાખ રૂપિયાની લોનના વિવાદમાં આ હત્યા કરવામાં આવી હોવાનું ખુલ્યું છે. આ ઘટનાનો મુખ્ય સૂત્રધાર મૃતકનો દૂરનો સંબંધી છે અને હજુ ફરાર છે. પોલીસ તેની શોધ કરી રહી છે. વધુ વિગતો મુજબ પોલીસે સુબોધ સિંહ (ઉંવ. ૪૫) જતીન મહેતા (ઉંવ ૪૨) અને રત્નાકર નાથ (ઉંવ ૩૯)ની ધરપકડ કરી છે. આ ત્રણેય શખ્સો હાવડા ખાતેના લીલુઆના છે. શાહ દંપતી પાસે મોટી રોકડ અને ઘરેણાં હશે તેમ સમજીને આ બનાવના માસ્ટર માઈન્ડે લૂંટનો પ્લાન બનાવ્યો હતો અને દંપતીની હત્યા કરી નાખી હતી.

કોલકાતાના પોલીસ કમિશનર વિનીત ગોયલે પોલીસ હેડક્વાર્ટરમાં પત્રકાર પરિષદને સંબોધતા જણાવ્યું હતું કે, અશોક શાહે વર્ષ ૨૦૧૯માં પોતાના જમાઈના દૂરના સંબંધીને એક લાખ રૂપિયા ઉધાર આપ્યા હતા. આ દરમિયાન પૈસા ઉધાર લેનાર વ્યક્તિનું કોરોનાના કારણે મોત નીપજ્યું હતું. જેથી અશોકભાઈ તેના ભાઈ પાસેથી લોનની રકમ માંગતા હતા. બનાવના દિવસે મુખ્ય આરોપી હત્યારાઓને લઈને તેમના ઘરે ગયો હતો. ત્યાં ઉધારની રકમને લઈને ઝઘડો થયો હતો. ત્યાર બાદ બન્નેની હત્યા કરી હતી. તેઓ હત્યાનું પ્લાનિંગ કરીને ગયા હતા. પરિચિત હોવાને કારણે શાહ દંપતિએ ઘરનો દરવાજો ખોલ્યો હતો. બીજી તરફ હત્યારાઓ હથિયાર લઈને ગયા હતા. પોલીસ કમિશનરે જણાવ્યું હતું કે, ઘરની અંદર લોનના ઝઘડા બાદ સુબોધસિંહે અશોક શાહ પર તીક્ષ્ણ હથિયારના ઘા ઝીંકી દીધા હોવાની વાત તેણે સ્વીકારી લીધી છે. સુબોધનો જૂનો ગુનાહિત રેકોર્ડ પણ મળી આવ્યો છે. પોલીસ તેની તપાસ કરી રહી છે. પોલીસ તપાસમાં બહાર આવ્યું છે કે મુખ્ય આરોપીને રશ્મિતાએ ઘરની અંદર પાણી આપ્યું હતું. છતાં પણ હત્યારાઓને આ કપલ પર દયા દાખવી ન હતી.

મહિલા શિક્ષિત હોય તો પણ તેને નોકરીની ફરજ ન પાડી શકાય

(એજન્સી) મુંબઈ,
કોઈપણ મહિલા શિક્ષિત હોય અને તેને નોકરી કરવી કે નહિ તે તેનો અંગત નિર્ણય છે.નોકરી કરવા માટે માત્ર શિક્ષિત હોવાથી ફરજ પાડી શકાય નહી એવું અવલોકન મુંબઈ હાઈકોર્ટને એક બેન્ચે મહિલાને ભરણપોષણ આપવાની એક અરજીમાં ચુકાદો આપતા જણાવ્યું છે.

કેસની વિગત અનુસાર પૂનામાં વર્ષ ૨૦૧૦માં લગ્ન પછી પત્ની અને પતિ વર્ષ ૨૦૧૩થી અલગ રહેતા હતા. પત્નીએ પોતાના પતી સામે ઘરેલું હિંસાનો કેસ દાખલ કરી છૂટાછેડા માંગ્યા હતા. પૂના કોર્ટે બન્ને પક્ષની દલીલ બાદ છૂટાછેડા મંજૂર કરતા પતિને ભરણપોષણ માટે આદેશ કર્યો હતો. પતિએ પત્નીને દર મહીને રૂ.૫૦૦૦ અને પુત્રીના ભણતર માટે દર મહીને રૂ.૭૦૦૦ ચુકવવા આદેશ કર્યો હતો. પોતાની પત્ની સ્નાતક છે અને તે નોકરી કરી રહી છે એવી દલીલ સાથે પતિએ મુંબઈ હાઈકોર્ટમાં ફેમીલી કોર્ટના આદેશને પડકાર્યો હતો. મુંબઈ હાઈકોર્ટના જસ્ટીસ ભરતી ડાંગરેએ સુનાવણી બાદ પોતાના આદેશમાં અવલોકન કર્યું હતું કે મહિલા શિક્ષિત હોય અને તેને નોકરી કરવું કે ઘરે કામ કરવું તે તેનો અંગત નિર્ણય છે. માત્ર શિક્ષિત હોવાથી તેને નોકરી કરવા માટે ફરજ પાડી શકાય નહી.

“આપણા સમજે મહિલાને એક ગૃહકાર્ય કરનાર વ્યક્તિ તરીકે જ સ્વીકારી છે અને નહી કે કુટુંબને નાણાકીય મદદ કરાવનાર વ્યક્તિ તરીકે. કામ કરવું કે નહી તે મહિલાએ પસંદ કરવાનો વિકલ્પ છે. ગ્રેજ્યુએટ છે એટલે તેને કામ કરવાની ફરજ પાડી શકાય નહી,” એમ જસ્ટીસ ડાંગરેએ પોતાના ઓર્ડરમાં જણાવ્યું હતું.

શરદી, ખાંસી અને તાવ હોય તો બાળકને સ્કૂલે ના મોકલવા સૂચના

(એજન્સી)સુરત,
ગુજરાતમાં ચોથી લહેર દસ્તક આપી રહી છે. ગુજરાતમાં પણ ધીમા પગલે કોરોનાના કેસ વધી રહ્યાં છે. ત્યારે સુરત પાલિકાનુ તંત્ર એક્શનમાં આવી ગયુ છે. આવતીકાલથી સ્કૂલોનું વેકેશન પૂર્ણ થઈ ગયુ છે, અને શાળાઓ શરૂ થવા જઈ રહી છે ત્યારે સુરત પાલિકાએ વાલીઓને સૂચના આપી દીધી છે કે, શરદી, ખાંસી અને તાવ હોય તો બાળકને સ્કૂલે ના મોકલવા. સુરત પાલિકાએ વાલીઓને સૂચના આપી કે, જો બાળકોને શરદી, ખાંસી અને તાવ હોય તો સ્કૂલ મોકલવા નહિ. કોરોનાના વધતા કેસ વચ્ચે સોમવારથી શાળાઓ શરૂ થઈ રહી છે. સાથે જ પ્રથમ, બીજો, પ્રિકોશન ડોઝ બાકી હોય તેમને વેક્સીન લેવા અપીલ કરી છે. તેમજ કોરોનાના શંકાસ્પદ લક્ષણો વાળા બાળકોને તાકીદે ક્વોરોઈન્ટાઈન કરીને હોમ આઈસોલેશનમાં સારવાર આપવા અપીલ કરી છે. સુરત જિલ્લામાં ધીમે ધીમે કોરોના સંક્રમણ વધી રહ્યુંછે. સુરતમાં કેસોની સંખ્યા સતત વધી રહી છે. કેસોની સંખ્યા બે આંકડામાં પહોંચી છે. દરેક ઝોનમાં રેપીડ રિસ્પોન્સ ટિમ ઉભી કરાઈ છે. કોન્ટેક્ટ ટ્રેસિંગ વધારાયુંછે. ધન્વંતરી રથ અને રેપિડ ટેસ્ટ શરૂ કરાયા છે. કોરોના પોઝિટિવ કેસોમાં સતત મોનિટરીંગ શરૂ કરાયું છે. વેક્સીનના ડોઝ બાકી હોઈ તેવાને શોધી ડોઝ આપવામાં આવી રહ્યાં છે. ધીમે ધીમે વધી રહેલા સંક્રમણને ધ્યાનમાં રાખીને તંત્ર દ્વારા ટેસ્ટિંગ અને રસીકરણ પર ભાર મૂકવામાં આવ્યો છે. આ અંગે આરોગ્ય કમિશનર ડો. આશિષ નાયકે માહિતી આપતા જણાવ્યું હતું કે હાલ ઉનાળાનું વેકેશન ચાલી રહ્યું જેને લઈ મોટા ભાગના લોકો બહાર ફરવા ગયા છે.

પોલીસકર્મીએ આપઘાત કરી લેતા ચકચાર

(એજન્સી) કાંકરેજ,
બનાસકાંઠા જિલ્લામાં પોલીસ બેડામાં ખળભળાટ મચાવતો એક બનાવ બન્યો છે. જ્યાં એક પોલીસ કોન્સ્ટેબલે પોતાના ઘરે ગળેફાંસો ખાઈને આપઘાત કરી લીધો છે. કાંકરેજ તાલુકાના થરા પોલીસ મથક ના પોલીસ કોન્સ્ટેબલે આપઘાત કર્યો છે. પોલીસકર્મીએ શા માટે આપઘાત કરી લીધો છે તેની કોઈ વિગત હાલ સામે આવી નથી. આ મામલે પોલીસ હાલ તપાસ કરી રહી છે. મળતી માહિતી પ્રમાણે જિલ્લાના કાંકરેજ તાલુકાના થરા પોલીસ મથકમાં ફરજ બજાવતા અને ચેખલા ગામના રહેવાસી હેડ કોન્સ્ટેબલ બાબરાજી રાઠોડે ગળેફાંસો ખાઈને આપઘાત કરી લીધો છે. બાબરાજી રાત્રે ફરજ પર હતા. રાત્રે ફરજ પરથી પરત ફરીને ઘરે પરત ફર્યા બાદ ગળેફાંસો ખાઈને આપઘાત કર્યો હતો.

પશ્ચિમ રેલવે - અમદાવાદ
(સર્વે એન્ડ કન્સ્ટ્રક્શન)
અંડર બ્રિજનું કન્સ્ટ્રક્શન અને ટ્રેક લિંકિંગનું કામ
ઇ-ટેન્ડર નોટિસ (બે પૅકેટ સિસ્ટમ)
1.0 (i) કામનું નામ તેના સ્થાન સાથે: ઇ-ટેન્ડર નં. Dy.CE-C-IV-VG-SIOB-54: પશ્ચિમ રેલવેના અમદાવાદ ડિવિઝનમાં વિરમગામ - સામખિયાળી ડબલિંગ પ્રોજેક્ટના સંબંધમાં ... ક્રોસિંગ નં. 79 અને 80 ... અંડર બ્રિજનું કન્સ્ટ્રક્શન અને ... ટ્રેક લિંકિંગનું કામ. (ii) પૂર્ણ કરવાનો સમયગાળો: 12 (બાર) મહિના ચોમાસા સહિત; (iii) કામનો અંદાજીત ખર્ચ: ₹ 1801.56 લાખ; (iv) જમા કરાવવાની અર્નેસ્ટ મની: ₹10,50,800/-; (v) ટેન્ડર / સુધારેલ બિડ જમા કરાવવાની બંધ થવાની તારીખ અને સમય: 30.06.2022 ના 15:00 કલાક સુધી; (vi) ઇ-ટેન્ડર ખોલવાની તારીખ અને સમય: 30.06.2022 ના રોજ 15:30 કલાક પછી ...; (vii) પરિશિષ્ટ - V માં આપવામાં આવેલ છે તે મુજબ બધા ટેન્ડરર્સે ... જેના આધારે ટેન્ડરની યોગ્યતાનું મુલ્યાંકન કરવામાં આવશે; (viii) વેબસાઇટની વિગતો / નોટિસ બોર્ડનું સ્થાન જ્યાં ટેન્ડરની સંપૂર્ણ વિગતો જોઈ શકાય છે અને ઓફિસનું સરનામું: ... www.ireps.gov.in પર ઉપલબ્ધ છે. ડેપ્યુટી ચીફ એન્જિનિયર (C) IV નો ઓફિસ, નિર્માણ ભવન, GCS હોસ્પિટલ સામે, નરોડા રોડ, DRM ઓફિસ પાસે, અમદાવાદ: 382345; ... ઓફિસ ટેલિફોન નંબર 079-22925498 પર સંપર્ક કરી શકો છો.
અમને લાઇક કરો: facebook.com/WesternRly

આમોદમાં રાષ્ટ્રીય ધોરીમાર્ગ નંબર ૬૪ના સર્વિસ રોડ ઉપર અકસ્માતનો ભય

(પ્રતિનિધિ)ભરૂચ,
આમોદ નગર માંથી પસાર થતા રાષ્ટ્રીય ધોરીમાર્ગ નંબર ૬૪ પાસેના બચ્ચો કા ઘર નજીક સર્વિસ રોડ ઉપર આવેલી ગટર અવાર નવાર ભારદારી વાહનોને કારણે તૂટી જતા મોટો અકસ્માત થવાની ભીતિ સેવાઈ રહી છે.હાઈવે ઓથોરિટીના અધિકારીઓને વારંવાર ટેલિફોનિક ફરિયાદો કરવા છતાં તંત્રના બહેરા કાને જાગૃત નાગરિકોની ફરિયાદો સંભળાતી નથી.જેથી હાઈવે ઓથોરિટી સામે લોકોમાં રોષ જોવા મળ્યો હતો.

અત્રે ઉલ્લેખનીય છે કે હાઈવે ઓથોરિટીએ સુરતની એજન્સીને ૨૦૧૭ માં ૧૩.૪૦ કરોડના ખર્ચે આમોદ-નાહીયેર તેમજ સુડી-સમની સેક્શનનું કામ આપવામાં આવ્યું હતું.જેમાં રોડ સેફટીને લગતાં નિયમોનું પાલન કરવાનું હતું પરંતુ એજન્સી તેમજ માર્ગ અને મકાન વિભાગ ભરૂચની મિલીભગતથી માત્ર કાગળ ઉપર જ ૧૩.૪૦ કરોડનો ખર્ચ બતાવવામાં આવ્યો હતો.જેમાં હાઈવેની બાજુમાં બનાવવામાં આવેલી ગટરો અત્યંત તકલાદી બનાવવામાં આવી હતી.જે ગટર ભારદારી વાહનોને કારણે અનેક વખત તૂટી ગઈ હોવાથી હાઈવે ઓથોરીટીના ભ્રષ્ટ અધિકારીઓ અને કોન્ટ્રાકટરની મિલીભગતની ચાડી ખાઈ રહી છે.તેમજ રોડ સેફટી અંગેના કોઈ નિયમોનું પાલન કરવામાં આવ્યું ન હોતું.તેમજ રીફલેકટર લાઈટ કે અન્ય કોઈ કામગીરી નહીં કરવાથી વારંવાર અકસ્માતો સર્જાઈ રહ્યા છે જેનો ભોગ નિર્દોષ વાહનચાલકો બની રહ્યા છે.

વાપી ઈન્ડસ્ટ્રીઝ એસો. દ્વારા ગ્રીન બેલ્ટ ડેવલોપમેન્ટ કાર્યનું ઉદ્‌ઘાટન

(તસ્વીરઃ અશોક જોષી)

(પ્રતિનિધિ) વાપી,
વાપી ઈન્ડસ્ટ્રીઝ એસોસિએશનની ગ્રીન સોસાયટી દ્વારા પર્યાવરણ અને વાતાવરણની જાળવણી માટે, વાપી ઈન્ડસ્ટ્રીયલ એસ્ટેટ અને તેની આસપાસના વિસ્તારમાં, હરિયાળી વધારવા માટે ઘણા પ્રયત્નો કરવામાં આવી રહ્યા છે. આ પ્રકારના કાર્ય કરવા માટે ગ્રીન સોસાયટીને ગુજરાત પોલ્યુશન કંટ્રોલ બોર્ડ , ગુજરાત ઈન્ડસ્ટ્રિયલ ડેવલપમેન્ટ કોર્પોરેશન, નોટિફાઇડ એરિયા ઓથોરિટી, વાપી ગ્રીન એન્વાયરો લી. તથા ઉદ્યોગકારોનું સમર્થન મળી રહ્યું છે. ગ્રીન સોસાયટી દ્વારા ગ્રીન બેલ્ટ ડેવલોપમેન્ટ માટે સરદાર ચોકથી વિનંતી નાકા સુધી 15045 sq m ની જગ્યાની પસંદગી કરવામાં આવી, ત્યારબાદ નોટિફાઈડ એરિયા ઓથોરિટી અને ઈન્ડસ્ટ્રીઝ મેમ્બર્સ સાથે સંકલન કરીને વિકાસ કાર્ય શરૂ કરવા માટે એક સક્ષમ એજન્સીની નિયુક્તિ કરવામાં આવી અને તેમને કામ સોંપવામાં આવ્યું. આ પ્રોજેક્ટ GPCB, GIDC, NAA અને VGEL તથા પીડિલાઈટ ઈન્ડસ્ટ્રીઝ લિ., સરના કેમિકલ્સ લિ. અને હેમકો પ્લાસ્ટિક ઈન્ડસ્ટ્રીઝના સહયોગથી કરવામાં આવશે. તા. ૭ જૂન ૨૦૨૨ ને મંગળવારના રોજ, પર્યાવરણ અભિયાન ૨૦૨૨ ના ભાગરૂપે, સરદાર ચોકથી વિનંતી નાકા સુધીના ગ્રીન બેલ્ટ ડેવલોપમેન્ટ માટેના કાર્યનું ઉદ્‌ઘાટન જીપીસીબી, વાપીના પ્રાદેશિક અધિકારી શ્રી એચ.એમ.ગાંવિત, NAA, વાપીનાચીફ ઓફિસર શ્રી ડી.બી.સાગર, GPCB, વાપીના પર્યાવરણ અધિકારી શ્રી વિવેક ત્રિવેદી, VIA ના પ્રમુખશ્રી કમલેશ પટેલ, ખજાનચી શ્રી હેમાંગ નાયક, VIA ના સહ માનદ મંત્રી, ગ્રીન સોસાયટીના ચેરમેન અને VGEL ના ડાયરેકટર શ્રી કલ્પેશ વોરા, VIA ના પૂર્વ પ્રમુખ અને એડવાઈઝરી બોર્ડ મેમ્બર શ્રીપ્રકાશ ભદ્રા, VGEL ના ડાયરેકટર શ્રી સુરેશ પટેલ, શ્રી મગન સાવલિયા, VGEL ના સી.ઈ.ઓ. શ્રી જતીન મહેતા તથા સી.એફ.ઓ. શ્રી અજયકુમાર વર્મા, પીડિલાઈટ ઈન્ડસ્ટ્રીઝ લિ. ના યુનિટ હેડ ડૉ. શરદ તિવારી, સરના કેમિકલ્સ ના ડાયરેકટર ડૉ. મોહિત રાજાણી, હેમકો પ્લાસ્ટિક ઈન્ડસ્ટ્રીઝના શ્રી હિરેન ગોસરાણી, શ્રેયસ એન્જિનિયરિંગના શ્રી જીતુભાઈ પટેલ, NAA, વાપીના ભૂતપૂર્વ ચીફ ઓફિસર શ્રી હરીશ પટેલ અને ઘણા બધા ઉદ્યોગકારોની હાજરીમાં કરવામાં આવ્યું.

વિશ્વ પર્યાવરણ દિવસની ઉજવણી

(પ્રતિનિધિ) વાપી,
ગુજરાત રાજ્યના મુખ્યમંત્રી શ્રી ભુપેન્દ્રભાઈ પટેલની ઉપસ્થિતીમાં આ વર્ષે ૫ જૂન ૨૦૨૨ ના રોજ વિશ્વ પર્યાવરણ દિવસની ઉજવણી, ગુજરાત પોલ્યૂશન કન્ટ્રોલ બોર્ડ દ્વારા ગાંધીનગર ખાતે કરવામાં આવી હતી. આ પ્રસંગે ઉદ્યોગ, વન પર્યાવરણ અને ક્લાઈમેટ ચેન્જના રાજ્ય કક્ષાના મંત્રી શ્રી જગદીશભાઈ વિશ્વકર્મા અને ૅંઝ્ર ના ચેરમેન શ્રી આર.બી.બારડ પણ ઉપસ્થિત હતા. આ કાર્યક્રમમાં વાપી ઈન્ડસ્ટ્રીઝ એસોસિએશનના માનદમંત્રી શ્રી સતિષ પટેલ, ખજાનચી શ્રી હેમાંગ નાયક, સહ માનદમંત્રી અને ફૈંછ ના ગ્રીન સોસાયટીના ચેરમેન તથા વાપી ગ્રીન એન્વાયરો લી. ના ડાયરેક્ટર શ્રી કલ્પેશ વોરા, VIA ના પૂર્વ પ્રમુખ શ્રી પ્રકાશ ભદ્રા, ના એડવાઈઝરી બોર્ડ મેમ્બર શ્રી રજનીશ આનંદ, વાપી ગ્રીન એન્વાયરો લી. ના ડાયરેક્ટર શ્રી સુરેશ પટેલ અને શ્રી મગન સાવલિયા, VIA ના એક્ઝીક્યુટીવ કમિટી મેમ્બર શ્રી ક્રિષ્નાનંદ હબલે અને VGEL સી.ઈ.ઓ.શ્રી જતીન મહેતા તેમજ વાપીના ૩૦૦ જેટલા ઉદ્યોગકારોએ ભાગ લીધો હતો. આ કાર્યક્રમમાં ઉપસ્થિત મહાનુભાવોને VIA ની ગ્રીન સોસાયટી દ્વારા પર્યાવરણ સંબંધીત કરવામાં આવતા કાર્યોનો અહેવાલ બુકલેટ સ્વરૂપે રજુ કરવામાં આવ્યો હતો, જેની તેમને સરાહના કરી હતી અને આ પ્રકારના કાર્યો ભવિષ્યમાં પણ કરતા રહેવા જણાવ્યું હતું.

વેસ્ટર્ન ટાઇમ્સ
વેસ્ટર્ન ટાઇમ્સમાં પ્રકાશિત જાહેરાતો અંગે વાંચકોએ પોતાની રીતે ચકાસણી કરી નિર્ણય લેવો.
-જાહેરખબર મેનેજર

પશ્ચિમ રેલવે-વડોદરા ડિવિઝન
એન્જિનિયરિંગ વિભાગ
ઈ- ટેન્ડર નોટિસ નંબર DRM-BRC 030 of 2022-23; ભારતના રાષ્ટ્રપતિ વતી અને તેમના માટે ડિવિઝનલ રેલવે મેનેજર (WA/C), પશ્ચિમ રેલવે, પ્રતાપનગર, વડોદરા - 390 004 દ્વારા નીચે જણાવેલ કામ માટે મહોરબંધ ટેન્ડર આમંત્રિત છે : અનુ. નં. (1) ; ટેન્ડર નં. અને કામનું નામ: DRM BRC 030 of 2022-23: વડોદરા ડિવિઝન:- વડોદરા યાર્ડમાં જૂના ક્વાર્ટર્સ ... સપ્લાય પાઈપલાઈન ... પુરા પાડવા. કામનો અંદાજિત ખર્ચ: ₹ 3,47,49,994.52; જમા કરાવવાની અર્નેસ્ટ મની: ₹ 3,23,800.00; ટેન્ડર જમા કરાવવાની અને ટેન્ડર ખોલવાની તારીખ અને સમય: ટેન્ડર તા. 01.07.2022 ના રોજ 15:00 કલાક પહેલા જમા કરાવવા અને તે જ દિવસે 15:30 કલાકે ખોલાશે. ... વેબસાઈટ @ www.ireps.gov.in; ડિવિઝનલ રેલવે મેનેજર (ડબ્લ્યુ એસી) પશ્ચિમ રેલવે, પ્રતાપનગર, વડોદરા - 390 004
W/623/NIT of 2022-23 dated 07.06.2022 40
અમને લાઇક કરો: facebook.com/WesternRly

પશ્ચિમ રેલવે-વડોદરા ડિવિઝન
એન્જિનિયરિંગ વિભાગ
ઈ- ટેન્ડર નોટિસ નંબર DRM-BRC 034 to 035 of 2022-23; ભારતના રાષ્ટ્રપતિ વતી અને તેમના માટે ડિવિઝનલ રેલવે મેનેજર (WA/C), પશ્ચિમ રેલવે, પ્રતાપનગર, વડોદરા - 390 004 દ્વારા નીચે જણાવેલ કામ માટે મહોરબંધ ટેન્ડર આમંત્રિત છે : અનુ. નં. (1) ; ટેન્ડર નં. અને કામનું નામ: DRM BRC 034 of 2022-23: વડોદરા ડિવિઝન:- BRCP ખાતે અને BRCY ખાતે ડીઆરએમ ઓફિસમાં લૉન, ગાર્ડન, બંગ્લોઝ, ORH, ... કામનો અંદાજિત ખર્ચ: ₹ 1,10,14,720.33; જમા કરાવવાની અર્નેસ્ટ મની: ₹ 2,05,100.00; અનુ. નં. (2) ; ટેન્ડર નં. અને કામનું નામ: DRM BRC 035 of 2022-23: પ્રતાપનગર:- ... કામનો અંદાજિત ખર્ચ: ₹ 5,94,734.94; જમા કરાવવાની અર્નેસ્ટ મની: ₹ 11,900.00; ટેન્ડર જમા કરાવવાની અને ટેન્ડર ખોલવાની તારીખ અને સમય: ટેન્ડર તા. 01.07.2022 ના રોજ 15:00 કલાક પહેલા જમા કરાવવા અને તે જ દિવસે 15:30 કલાકે ખોલાશે. ... વેબસાઈટ @ www.ireps.gov.in; ડિવિઝનલ રેલવે મેનેજર (ડબ્લ્યુ એસી) પશ્ચિમ રેલવે, પ્રતાપનગર, વડોદરા - 390 004
W/623/NIT of 2022-23 dated 10.06.2022 43
અમને લાઇક કરો: facebook.com/WesternRly

ADD-SHOP E - RETAIL LTD.
World's Greatest Opportunity
ADD-SHOP E-RETAIL LIMITED

Add -Shop E-Retail Limited was originally incorporated on August 20, 2013 as "Add-Shop Promotions Private Limited" having its registered ofce at Shree Ashapura Complex, Shop No. 202, 2nd Floor, Opp. Ahya Commercial Centre, Gondal Road, Rajkot-36002, Gujarat, India, under the provisions of the Companies Act, 1956 bearing Certificate of Incorporation No. U51109GJ2013PTC076482 issued by the Registrar of Companies, Gujarat, Dadra and Nagar Haveli. Subsequently our Company was converted into a Public Limited Company pursuant to special resolution passed by the shareholders at the Extraordinary General Meeting held on June 11, 2018 and fresh certifcate of incorporation consequently upon change of name was issued by Registrar of Companies, Gujarat, Ahmedabad dated June 21, 2018 and name of our Company was changed to Add-Shop Promotions Limited and a fresh certificate of incorporation was issued bearing U51109GJ2013PLC076482. The name of the Company was further changed to Add-Shop ERetail Limited and a fresh certificate of Incorporation bearing CIN No. L51109GJ2013PLC076482 was issued by Registrar of Companies Ahmedabad, Gujarat.

Registered & Corporate ofce : B-304 Imperial Height 150ft Ring Road Rajkot-360005, Gujarat, India
Contact Person: Mr. Nirajkumar Malaviya, Company Secretary & Compliance Ofcer; **Tel No:** 0281-2363023
E-Mail ID: investor@addshop.co; **Website:** www.addshop.co; **CIN:** L51109GJ2013PLC076482

OUR PROMOTERS:(I) MR. DINESHBHAI BHANUSHANKAR PANDYA (II) MRS. JAYSHREE DINESHBHAI PANDYA (III) MR. JIGAR DINESHKUMAR PANDYA (IV) MR. DEV DINESHBHAI PANDYA (V) MS. DEVIBEN DINESHBHAI PANDYA
FOR PRIVATE CIRCULATION TO THE ELIGIBLE EQUITY SHAREHOLDERS OF OUR COMPANY

THE ISSUE

ISSUE OF UPTO [●] FULLY PAID UP EQUITY SHARES WITH A FACE VALUE OF ₹10/- EACH OF OUR COMPANY FOR CASH AT AN ISSUE PRICE OF 54/- PER EQUITY SHARE INCLUDING A SHARE PREMIUM OF 44/- PER EQUITY SHARE ("RIGHTS EQUITY SHARE") FOR AN AGGREGATE AMOUNT NOT EXCEEDING ₹49.50 CRORES ON A RIGHTS BASIS TO THE ELIGIBLE EQUITY SHAREHOLDERS OF OUR COMPANY IN THE RATIO OF [●] RIGHTS EQUITY SHARE(S) FOR EVERY [●] FULLY PAID-UP EQUITY SHARE(S) HELD BY THE ELIGIBLE EQUITY SHAREHOLDERS ON THE RECORD DATE, THAT IS ON [●] (THE "ISSUE"). THE ISSUE PRICE FOR THE RIGHTS EQUITY SHARES IS 5.4 TIMES THE FACE VALUE OF THE EQUITY SHARES. FOR FURTHER DETAILS, SEE "TERMS OF THE ISSUE" BEGINNING ON PAGE 118 OF THE DRAFT LETTER OF OFFER

This Public Announcement is made in compliance with the provisions of Regulation 72(2) of the Securities and Exchange Board of India (Issue of Capital & Disclosure Requirements) Regulations, 2018 (the "SEBI ICDR Regulations"), to inform the public that the Company is proposing subject to applicable statutory and regulatory requirements, receipt of requisite approvals, market conditions and other considerations, an issue of Equity Shares to its equity shareholders on rights basis and has on June 11, 2022 fled a Draft Letter of Ofer ("DLOF") with the Designated Stock Exchange BSE Ltd. Since the size of the Rights issue is less than Rupees Fifty (50.00) crores, the DLOF has not been fled with Securities and Exchange Board of India ("SEBI") nor SEBI shall issue any observation on the DLOF. The DLOF is available in the website of Stock Exchange, i.e., BSE Limited ("BSE") at www.bseindia.com, the website of Lead Manager to the Issue at www.fnshoregroup.com and website of the Company at www.addshop.co.

Investment in equity and equity related securities involve a degree of risk and investors should not invest any funds in this ofer unless they can aford to take the risk with such investment. Investors are advised to read the Risk Factors carefully before taking an investment decision in this ofering. For taking an investment decision, investors shall rely on their own examination of the issuer and the ofer including the risks involved. The Right Equity Shares being ofered in this issue have not been recommended or approved by the Securities and Exchange Board of India ("SEBI") nor does SEBI guarantee the accuracy or adequacy of this document.

Investors should read the ofer document carefully, including the "Risk Factors" beginning on page 20 of the ofer document before making any investment decision.

LEAD MANAGER TO THE ISSUE	REGISTRAR TO THIS ISSUE & COMPANY
FINSHORE Creating Enterprise Managing Values FINSHORE MANAGEMENT SERVICES LTD Anandlok", Block-A, 2nd Floor, Room No. 207, 227 A.J.C Bose Road, Kolkata-700020, West Bengal Telephone: 033 – 22895101 Email: ramakrishna@fnshoregroup.com Website: www.fnshoregroup.com Investor Grievance: info@fnshoregroup.com Contact Person: Mr. S. Ramakrishna Iyengar SEBI Registration No: INM000012185 CIN No: U74900WB2011PLC169377	CAMEO CAMEO CORPORATE SERVICES LTD "Subramanian Building", No. 1, Club House Road, Chennai - 600 002, India Tel No: +91-44-40020700 Fax: +91-44-28460129 Email: priya@cameoindia.com Investor Grievance Email Id: investor@cameoindia.com Contact Person: Ms. K Sreepriya Website: www.cameoindia.com SEBI Registration Number: INR000003753 CIN No: U67120TN1998PLC041613

All capitalised terms used and not specifcally defned herein shall have the same meaning ascribed to them in the DLOF.

For **Add-Shop E-Retail Limited**
On behalf of the Board of Directors
Sd/-
Nirajkumar Kishorbhai Malaviya
Company Secretary and Compliance Ofcer
Date: June 11, 2022
Place: Rajkot

This Public announcement has been prepared for publication in India and may not be released in any other jurisdiction. Please note that the distribution of the DLOF and the Issue of equity shares on a rights basis to persons in certain jurisdictions outside India may be restricted by legal requirements prevailing in those jurisdictions. Accordingly, any person who acquires Rights Entitlements or Rights Equity Shares will be deemed to have declared, warranted, and agreed that at the time of subscribing to the Rights Equity Shares or the Rights Entitlements, such person is not and will not be in the United States and/or in other restricted jurisdictions. The Rights Equity Shares of the Company have not been and will not be registered under the United States Securities Act of 1933, as amended ("Securities Act"), or in any other jurisdiction which have any restrictions in connection with ofering, issuing and allotting Rights Equity Shares within its jurisdiction and/or to its citizens. The ofering to which the DLOF relates is not and under no circumstances is to be construed as, an ofering of any Rights Equity Shares or Rights Entitlements for sale in the United States or any other jurisdiction other than India or as a solicitation therein of an ofer to buy any of the said Rights Equity Shares or Rights Entitlement.